રે.દિ.મુ.નં. ૩/૧૨ ના કામે આંક–પ ની અરજી હેઠળ હુકમ ::–

(૧) આ કામે હાલના વાદીએ દાવા સાથે આંક–પ ની અરજી સી.પી.સી. ઓર્ડર–૩૯ રુલ–૧–ર તથા કલમ–૯૪ તથા ૧પ૧ નીચે હંગામી મનાઈ હુકમ મળવા કરેલ. જે અરજી તળે કોર્ટે પ્રતિવાદીઓને શોકોઝ નોટીસ કરતાં પ્રતિવાદીઓએ આંક–૧પ થી દાવા તથા હાલની અરજી સામે વાંધા જવાબ રજુ કરેલ.

(ર) આ કામે વાદીએ આંક–પ ની હાલની અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, વાદી ઉના શહેરમાં વેરાવળ રોડ ઉપર પારેખ નિવાસ નામના મકાનમાં ભાડે રહે છે. સદરહુ મકાન મુળમાલિક નાથાલાલ પારેખ હતા. તે પછી તેમના વિઘવા ગુ. હંસાબેન રતિલાલ માલિક બનેલ. જેઓની સાથે વાદીને વિવાદ થતાં વાદીએ તેમના વારસો સામે ઉના નામદાર કોર્ટમાં રે. દિ. મુ. નં. ર૪૭/૦ર થી દાવો કરેલ છે. જે દાવો પેન્ડીંગ છે. પ્રતિવાદીઓએ તા. ૧૦/૧/ર૦૧ર ના રોજ તેમના ભાગીદારના નામે રજીસ્ટર નં. ૮૮ નું કરાવેલ છે. રજીસ્ટર વેચાણ દસ્તાવેજમાં ખરીદનાર નં. ર, ૩, ૪ નું સરનામું ખોટું જણાવેલ છે. તેના સાચા સરનામા દાવામાં જણાવ્યા મુજબ છે. પ્રતિવાદીઓએ વેચનાર સાથે મળી જઈને બાંધકામ આરે ૧પ૦–૦૦ ચો. મી. જીર્ણ અને ખંડેર અને બાકીની ખુલ્લી જમીન એમ ખોટું દર્શાવેલ છે. ખરેખર કુલ બાંધકામ પ૦૦–૦૦ ચો. મી. છે. અને ખુલ્લી જગ્યા ઓછી છે અને બાંધકામ સારી કંડીશનમાં છે. વેચાણ થતાં મકાનમાં ભાડુતો હતા ખાલી કબજો પણ હતો નહીં જયારે વેચાણ દસ્તાવેજમાં ખોટી રીતે ખાલી કબજાનું લખેલ છે.

(ર–૧) વાદીના ગુજરનાર પિતાશ્રીએ આ દાવાવાળું ભાડાવાળું મકાન આશરે ૬૦ વર્ષ અગાઉ માસીક રૂા. ૧પ/– ના ભાડાથી ભાડે રાખેલ છે. ભાડાવાળું મકાન પારેખ નિવાસમાં દક્ષિણ–પશ્ચિમ ભાગે વેરાવળ મેઈન રોડ તરફ બે રૂમ તથા એક રસોડું, ઓસરી તથા સંડાસ–બાથરૂમની સગવડતાવાળું છે. સદરહુ મકાન વાદીના પિતાશ્રી પ્રાણલાલ રાઘવજી દેસાઈએ મુળમાલિક રતિલાલ નાથાલાલ પારેખ પાસેથી ભાડે રાખેલ છે. પ્રતિવાદીઓ ઉતરોતર મકાન માલિકો છે અને વાદી પ્રાણલાલ

રાઘવજીના વારસદાર તરીકે ઉતરોતર ભાડુત છે. વાદીના ગુજરનાર પિતાશ્રી દાવાવાળા ભાડાવાળા મકાનમાં મરણ પામેલ છે. ત્યારે વાદી તથા વાદીના માતૃશ્રી નિલમબેન પ્રાણલાલ દેસાઈ, પ્રાણલાલ રાઘવજી સાથે આ મકાનમાં રહેતા. ત્યારબાદ વાદીના માતૃશ્રી નિલમબેન પણ તાજેતરમાં અવસાન પામેલ છે. ગુજરનાર પ્રાણલાલ રાઘવજીના અન્ય વારસો આ દાવાવાળા ભાડાવાળા મકાનમાં કદી પણ સાથે રહેલ નથી. જે પૈકી શરદચંદ્ પ્રાણલાલ દેસાઈ રાજકોટ મુકામે રહે છે અને કિરીટચંદ્ પ્રાણલાલ દેસાઈ જુનાગઢ મુકામે રહે છે.

(ર–ર) આ દાવાવાળા મકાનનું ભાડું વાદી નિયમિત રીતે ભરે છે. પરંતુ અગાઉના માલિક નટવરલાલ નાથાલાલ પારેખ અતિ શ્રીમંત માણસ હોય ભાડાવાળું મકાન ખાલી કરાવવા માટે પ્રયત્નશીલ હોય વાદીને પહોંચ આપતા નથી અને તેથી અમુક સમય બાદ વાદીએ નામ. કોર્ટમાં ભાડુ જમા કરાવેલ છે. દાવાવાળા ભાડાવાળા મકાનમાં અગાઉ માલિક દિપેશ નટવરલાલ તથા નટવરલાલ નાથાલાલ વાદી પાસેથી ભાડાવાળું મકાન પડાવી લે તેમ હોય વાદીએ તેઓની સામે ઉનાની નામ. કોર્ટમાં મો. મુ. નં. ર૪૭/૦ર થી દાવો પણ દાખલ કરેલ છે જે પેન્ડીંગ છે. મુળમાલિક નટવરલાલ નાથાલાલ પારેખ વિ. નાએ પોતાનો ખરાબ ઈરાદો બર ન આવે તેમ હોવાથી અગાઉ જણાવ્યા મુજબ છળકપટયુકત ખોટું વેચાણ દસ્તાવેજ કરીને આ પ્રતિવાદીઓને વેચેલ છે. પ્રતિવાદીઓ અતિ શ્રીમંત, રાજકીય લાગવગ અને મશલ પાવર ધરાવતા વ્યકિતઓના સંપર્કમાં છે અને તેથી તા. ર૯/૧/૧ર ના રોજ પ્રતિવાદીઓ વતી તેમના કોઈ માણસ આરીફભાઈ વાદીના પુત્ર જીગ્નેશભાઈને મળેલ અને મકાન ખાલી કરાવવાનું જણાવેલ. તેમજ એમ પણ કહેલ કે " હું ધમકી આપતો નથી પણ સમુજતીથી કામ લેવાનું " આમ ઉપર મુજબ પ્રતિવાદીઓના ઈરાદા અત્યંત ખતરનાક અને ગેરકાયદેસર જણાય છે. વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. વાદી ૬૦ વર્ષ જુના ભાડુત છે. ઉના શહેરમાં મકાન માલિકો ભાડુતી રક્ષણવાળા મકાનો માથાભારે તત્વોને વેચી દે છે. આવા તત્વો ગેર કાયદેસર મકાન ખાલી કરાવવા પ્રયત્ન કરે છે. જો આમ થાય તો વાદી નિરાધાર થઈ જઈએ તેમ છે. વાદીનું રહેણાંક આ મકાનમાં ચાલુ છે. વાદીના કુટુંબને અન્ય બીજો કોઈ આશરો નથી. આ પ્રતિવાદીઓને એકતરફી હંગામી મનાઈ

હુકમ આપીને રોકવામાં ન આવે તો પ્રતિવાદીઓ વાદીનો કબજો પડાવી લે તેમજ વાદી રસ્તા ઉપર આવી જાય. તેમજ વાદી રસ્તા ઉપર આવી જાય અને પરત કબજો મેળવવા માટે વાદીને વધારે પડતા દાવાદુવી કરવા પડે તેવી પરિસ્થિતી નિમાર્ણ થાય તેમ છે. વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે. પ્રતિવાદીને કોઈ જાતનું નુકશાન જાય તેમ નથી. જેથી આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ એક તરફી હંગામી મનાઈ હુકમ આપવા માટે આ યોગ્ય અને વ્યાજબી કેસ છે.

(૩) આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૩ તરફથી આંક–૧૫ થી વાદીના દાવાનો તથા હાલની હંગામી મનાઈ હુકમની અરજી સામે વાંધા જવાબ રજુ કરેલ. જે ટુંકમાં જોઈએ તો દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીનો મહંદઅંશે ઈન્કાર કરી વધુમાં એવું જણાવેલ છે કે, આ મિલકત પ્રતિવાદીઓ માત્ર માલિક અને કબજેદાર હોય તેવું નથી. પરંતુ આ મિલકતના કુલ ચાર માલીકો છે અને ચારેય માલિકોનો આ મિલકતનો સંયુકત કબજો છે. તે હકીકત જાણતા હોવા છતાં ઈરાદાપૂર્વક ત્રણ ભાગીદારો સામે દાવો લાગ્યા છે. આમ વાદીના દાવાને જરૂરી પક્ષકારનો બાધ નડે છે. આવા સંજોગોમાં તમામ પક્ષકાર જોડયા સિવાય દાવો કે અરજી ચાલી શકે નહીં કે દાવા અરજીમાં કોઈ હુકમ થઈ શકે નહીં તે બાબત કાયદાથી પ્રતિબંધીત છે. વાદીએ આ બાબત સબંધે તેમના ધ્વારા કરવામાં આવેલ રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ની હકીકતો ઈરાદાપૂર્વક છુપાવી છે. જે દાવો હાલ પણ કોર્ટમાં ચાલે છે. આમ વાદીએ નામદાર અદાલત ધ્વારા અગાઉ નિર્ણિત થઈ ગયેલ બાબતો સબંધેની હકીકત ઈરાદા પૂર્વક છુપાવવામાં આવી છે અને તેમના ધ્વારા સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટ કરેલ છે. વાદી સાચી હકીકતો છુપાવી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કરેલ છે. જેથી પણ વાદીની અરજી કન્સીલમેન્ટ એન્ડ સપ્રેશન ઓફ મટીરીયલફેટના ગ્રાઉન્ડ ઉપર તાત્કાલીક રદ થવાને પાત્ર છે.

(૩–૧) વાદીએ હંગામી મનાઈ હુકમની જે દાદ માંગી છે તેવી દાદ અગાઉના દાવામાં માંગી હતી જે વાદીની દાદ મેરીટસ ઉપર તે અરજી ચલાવી રદ કરેલ છે. ત્યારે વાદીની મનાઈ હુકમની અરજીને સ્પષ્ટપણે રેસ જયુડીકેટાનો બાધ નડે છે. વાદી

પારેખ નિવાસવાળી મિલકતના મકાનના ભાડુત નથી. આ દાવાવાળી મિલકત પ્રતિવાદી તથા શ્રી ભાવેશકુમાર હિરાલાલ સોલંકીએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૮૮/૧૨ થી ખરીદ કરી છે અને તેના માલિક અને કબજેદાર બનેલા છે. આ મિલકતમાં ઘણા રૂમો છે. વાદીનું પ્લીડીંગ્સ જોતાં તેઓ કયા મકાન કે રૂમના ભાડુત છે તેવી કોઈ હકીકતની સ્પષ્ટતા થતી નથી. આ મિલકત ઘણી જુની અને જર્જરીત હોય ખંઢેર હાલતમાં હોય જાહેર રોડ ઉપર આવેલી હોય જેથી ગમે ત્યારે ધ્વંસ થાય તેવી સ્થિતિ છે. હાલની ભૌગોલિક સ્થિતિ જોતાં સતત ધરતીકંપ થતાં રહે છે માટે ગમે ત્યારે આ મિલકત તુટી પડે તેવી પરિસ્થિતિ છે અને જો એકાએક ધ્વંસ થાય તો રાહદારીઓ તેમજ આજુબાજુમાં વસ્તા લોકોના જાનમાલ મિલકતને નુકશાન કરે તેમ છે. આવી પરિસ્થિતિ હોવાના કારણે નગરપાલિક ઉના ધ્વારા તેના બાંધકામને તાત્કાલીક ઉતારી લેવા જણાવતા તે સબંધે મંજુરી પણ આપવામાં આવેલી છે. જેથી આ મિલકતમાં રહેલ બાંધકામ તાત્કાલીક ઉતારવું જરૂરી છે. જેમાં ખોટું વિલંબ નાંખવા માટે હાલનો દાવો વાદી ધ્વારા કરવામાં આવ્યો છે.

(૩–૨) પ્રતિવાદીએ આ મિલકત કાયદેસરનો અવેજ ચુકવી શુધ્ધ બુધ્ધિથી ખરીદી છે. આ મિલકત સબંધે કોઈપણ પ્રકારનો વિવાદ હોવાની જાણ મિલકત ખરીદી ત્યારે હતી નહીં કે તે બાબતની કોઈ જાહેરાત પણ થયેલી ન હતી. આમ આ મિલકતના પ્રતિવાદીઓ શુધ્ધ બુધ્ધિના ખરીદનાર છે. વાદી દાવાવાળી મિલકતના મકાનો પૈકીના મકાનમાં ભાડુત નથી. વાદીનું રહેણાંક પોતાની વડીલો પાર્જીત મિલકત " શંભુ " નિવાસમાં છે. વાદીના વડીલોના કહેવાતા ભાડુતી હકકો સને ૧૯૯૮ ની સાલમાં પુર્ણ થઈ ગયેલા છે અને તે બાબત ઉપરોકત રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ના કામમાં નિર્ણત થઈ ગઈ છે અને હુકમ સામે વાદીએ અપીલ કરતા અપીલ કોર્ટે પણ તેમની અપીલ કાઢી નાંખી છે. વાદીની દાવાની દાદ તથા હંગામી મનાઈ હુકમની અરજીની દાદ એક સરખી અને એક સમાન છે. માટે પણ વાદીની અરજી મંજુર કરી શકાય નહીં કેમ કે અરજી મંજુર કરવામાં આવે તો દાવાની દાદ મંજુર થાય તેવી પરિસ્થિતિ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ કરેલ છે કે, એવી મનાઈ હુકમની દાદ મંજુર કરવી જોઈએ નહીં

કે જેનાથી વાદીનો સંપુર્ણ દાવો મંજુર થતો હોય એ રીતે પણ વાદીની અરજી ખર્ચ સાથે રદ કરવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામે વાદીએ પ્રતિવાદી નં. ૪ તરીકે ભાવેશકુમાર હીરાલાલ સોલંકીને જોડવા અરજી કરતાં તેને હુકમ મુજબ પ્રતિવાદી નં. ૪ તરીકે જોડેલ છે અને આ પ્રતિવાદી નં. ૪ ધ્વારા આંક–૪૯ થી પુરસીસ આપી અન્ય પ્રતિવાદીઓએ રજુ કરેલ આંક–૧૫ વાળો જવાબ એડોપ્ટ કરેલ છે.

(૫) આ કામે વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે.

ક્રમ	વિગત	આંક/માર્ક
૧	વેચાણ દસ્તાવેજ નં. ૮૮ તા. ૧૦/૧/૧૨ ની નકલ	માર્ક–૪(૧)
૨	મો.મુ.નં. ૨૪૭/૦૨ ના કામે ભરેલ ભાડાની પહોંચ	માર્ક–૪(૨)
૩	મો.મુ.નં. ૨૪૭/૦૨ ના કામે ભરેલ ભાડાની પહોંચ	માર્ક–૪(૩)
૪	મો.મુ.નં. ૨૪૭/૦૨ ના કામે ભરેલ ભાડાની પહોંચ	માર્ક–૪(૪)
૫	મો.મુ.નં. ૨૪૭/૦૨ ના કામે ભરેલ ભાડાની પહોંચ	માર્ક–૪(૫)
૬	દાવાવાળા, ભાડાવાળા મકાનનો ફોટોગ્રાફસ	માર્ક–૪(૬)
૭	દાવાવાળા, ભાડાવાળા મકાનનો ફોટોગ્રાફસ	માર્ક–૪(૭)
૮	મો.મુ.નં. ૨૪૭/૦૨ ની દાવાની નકલ	માર્ક–૪(૮)
૯	મો.મુ.નં. ૨૪૭/૦૨ ની વચગાળાના મનાઈહુકમની અરજીની નકલ	માર્ક–૪(૯)
૧૦	મો.મુ.નં. ૨૪૭/૦૨ ના કામે પ્રતિવાદીના જવાબની નકલ	માર્ક–૪(૧૦)
૧૧	મો.મુ.નં. ૨૪૭/૦૨ ના કામે શ્રી નટવરલાલ નાથાલાલ પારેખે કરેલ સોગંદનામાની નકલ	માર્ક–૪(૧૧)
૧૨	રાજેન્દ્ભાઈ પ્રવિણચંદ્ પંડયાનું સોગંદનામું	આંક–૨૭
૧૩	જીતેન્દ્કુમાર ડાયાલાલ જોશીનું સોગંદનામું	આંક–૨૮
૧૪	મહેન્દ્ભાઈ ઈશ્વરલાલ પંડયાનું સોગંદનામું	આંક–૨૯
૧૫	વાદીના પિતાશ્રીને આપવામાં આવેલ ભાડાચીઠીની નકલ	માર્ક–૩૧(૧)
૧૬	વાદીના પિતાશ્રીને આપેલ ભાડાચીઠીની પહોંચ	માર્ક–૩૧(૨)
૧૭	વાદીના પિતાશ્રીને આપેલ ભાડાચીઠીની પહોંચ	માર્ક–૩૧(૩)

૧૮	વાદીના પિતાશ્રીએ મનીઓર્ડરથી મોકલેલ ભાડાની મનીઓર્ડરની પાવતીની નકલ	માર્ક–૩૧(૪)
૧૯	હંસાબેન રતિલાલ પારેલ ધ્વારા તા. ૧૦/૮/૯૮ ના રોજ મુખત્યારનું આપેલ તેની નકલ	માર્ક–૩૧(૫)
૨૦	વાદીના માતૃશ્રી નિલમબેને વાદીને તા. ૨૮/૪/૦૮ ના રોજ કરી આપેલ વીલની નકલ	માર્ક–૩૧(૬)
૨૧	વાદીએ ભાડાવાળા મકાનનો એપ્રિલ–૦૮ થી માર્ચ–૦૯ સુધીના મકાનવેરો વિગેરે ભરેલ તેની પહોંચની નકલ	માર્ક–૩૧(૭)
૨૨	વાદીએ ભાડાવાળા મકાનનો વેરો ભરેલ તેની પહોંચની નકલો	માર્ક–૩૧(૮) થી ૩૧(૧૨)
૨૩	વાદીએ ભરેલ પાણી વેરાની પહોંચની નકલ	માર્ક–૩૧(૧૩)
૨૪	વાદીએ ભાડાવાળા મકાનના ભરેલ લાઈટ બીલોની નકલો	માર્ક–૩૧(૧૪) થી ૩૧(૨૯)
૨૫	વાદીએ ભરેલ ટેલીફોન બીલની નકલો	માર્ક–૩૧(૩૦) થી ૩૧(૪૧)
૨૬	વાદીના માતૃશ્રીએ તા. ૧૮/૭/૯૮ ના રોજ જે કુલ–મુખત્યારનામું આપેલ તેની નકલ	માર્ક–૩૧(૪૨)
૨૭	રજી. વે. દ. અનુ. નં. ૧૦૨ તા. ૧૧/૧/૧૨ ની નકલ	માર્ક–૩૧(૪૩)
૨૮	દિપેશ નટવરલાલ પારેખ ધ્વારા તેમના વકીલશ્રીએ રજી. એ.ડી. થી આપેલ નોટીસની નકલ	માર્ક–૪૬(૧)
૨૯	વાદી વિનોદકુમાર પ્રાણલાલ દેસાઈએ આપેલ નોટીસના જવાબની નકલ	માર્ક–૪૬(૨)
૩૦	ભાડાવાળા મકાનના લાઈટબીલની નકલ	માર્ક–૫૨(૧)
૩૧	ભાડાવાળા મકાનના વાદીએ ભરેલ મિલકત વેરા, પાણી વેરાની પહોંચ	માર્ક–૫૨(૨) તથા ૫૨(૩)
૩૨	વાદીએ રે. દિ.મુ.નં. ૨૪૭/૦૨ ના કામે ૩૭ માસનું ભાડું અદાલતમાં જમા કરાવેલ તેની પહોંચની નકલ	માર્ક–૫૨(૪)
૩૩	વાદી ભાડાવાળા મકાનમાં રહે છે તેના ટેલીફોન બીલની નકલ	માર્ક–૫૨(૫)

૩૪	વાદી જે ભાડાવાળા મકાનમાં રહે છે તેની ઉના નગરપાલિકા ધ્વારા સને–૨૦૦૯–૧૦ માં કરવામાં આવેલ આકારણી પત્રકની નકલ	માર્ક–પર(૬)
૩પ	વાદી જે ભાડાવાળા મકાનમાં રહે છે તેની ઉના નગરપાલિકા ધ્વારા સને–૨૦૧૦–૧૧ માં કરવામાં આવેલ આકારણી પત્રકની નકલ	માર્ક–પર(૭)
૩૬	વાદી જે ભાડાવાળા મકાનમાં રહે છે તેની ઉના નગરપાલિકા ધ્વારા સને–૨૦૧૧–૧૨ માં કરવામાં આવેલ આકારણી પત્રકની નકલ	માર્ક–પર(૮)
૩૭	વાદી જે ભાડાવાળા મકાનમાં રહે છે તેની ઉના નગરપાલિકા ધ્વારા સને–૨૦૧૨–૧૩ માં કરવામાં આવેલ આકારણી પત્રકની નકલ	માર્ક–પર(૯)

(૬) પ્રતિવાદી તરફે નીચે મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે.

ક્રમ	વિગત	આંક/માર્ક
૧	રે.દિ.મુ. નં. ૮૯/૯૮ ની આંક–૧ ની ખરી નકલ	માર્ક–૧૬(૧)
૨	રે.દિ.મુ. નં. ૮૯/૯૮ ના કામે આંક–પ કામ ચલાઉ મનાઈહુકમની અરજી તથા તે નીચે થયેલ હુકમની ખરી નકલ	માર્ક–૧૬(૨)
૩	રે.દિ.મુ. નં. ૮૯/૯૮ ના કામે પ્રતિવાદી નં. ૧ તરફથી રજુ થયેલ જવાબ વાંધાની ખરી નકલ	માર્ક–૧૬(૩)
૪	રે.દિ.મુ. નં. ૮૯/૯૮ ના કામે પ્રતિવાદી નં. ૨ તરફથી રજુ થયેલ જવાબ વાંધા તથા કાઉન્ટર સ્યુટની ખરી નકલ	માર્ક–૧૬(૪)
પ	રે.દિ.મુ. નં. ૮૯/૯૮ ના કામે પ્રતિવાદી નં. ૨ તરફથી રજુ થયેલ હંગામી મનાઈ હુકમની અરજીની ખરી નકલ	માર્ક–૧૬(પ)
૬	વાદી તરફથી રે.દિ.મુ. નં. ૮૯/૯૮ ના કામે રજુ કરેલ કાઉન્ટર કલેમના જવાબની ખરી નકલ	માર્ક–૧૬(૬)
૭	ઉના નગરપાલિકા તરફથી મળેલ મંજુરી પત્રની નકલ	માર્ક–૧૬(૭)

૮	રે.દિ.મુ. નં. ૮૯/૯૮ ના આંક–૫ના હુકમ સામે થયેલ દિ. ૫. અ. નં. ૪/૧૨ ના હુકમની નકલ	માર્ક–૧૬(૮)
૯	ગુલામ અબ્બાસ શાબાનઅલી જાફરીનું સોગંદનામું	આંક–૫૬

(૭) વાદી તરફે રોજકામ માટે અરજી કરતાં દાવાવાળા મકાનનું રોજકામ કોર્ટ કમિશ્નર ધ્વારા કરવામાં આવેલ તે માર્ક–૩૪/૨ થી તથા રફ નકશો ૩૪/૩ થી રજુ થયેલ છે.

(૮) વાદી તરફે આંક–૫૩ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે. અને તેમાં પ્રતિવાદીના જવાબની હકકીકતનો ઈન્કારી કરી વધુમાં એવું જણાવેલ છે કે, પ્રતિવાદીઓ પક્ષકારોની ખામી અંગેની હકીકત જણાવેલી જર્થી આ દાવાના કામે આંક–૨૬ થી પક્ષકારને જોડવાની અરજી કરેલી અને તેમાં અદાલતે પક્ષકારને જોડવાનો હુકમ કરતાં પ્રતિવાદીઓની તે તકરારનો અંત આવેલ છે.

(૯) વાદી તરફે વિ. વ. શ્રી આંક–૫૪ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લીધી. વાદી તરફે તેની અરજીના સમર્થનમાં નીચેના ચુકાદા રજુ કરેલ છે તે ધ્યાને લીધા.

(૧) શામશેર વિ. રુસ્તમ અને બીજા રીપોર્ટેડ ઈન
એ.આઈ.આર. ૧૯૮૮ (રાજસ્થાન) ૧૮૮

(૨) મે. પાટીલ એકઝીબીટરર્સ પ્રા. લી. વિ. ધ કોર્પોરેશન ઓફ ધ સીટી ઓફ બેંગ્લોર
રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૧૯૮૬ (કર્ણાટક) ૧૯૪(૧)

(૩) ભુવનેશ્વર પ્રસાદ વિ. સ્ટેટ ઓફ બિહાર અને બીજા
રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૧૯૯૫ (પટના) ૧

(૪) પ્રતાપરાય વિ. કોઠારી વિ. જોહન બ્રોગેન્ઝા
રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૧૯૯૯ (સુપ્રિમ કોર્ટ)૧૬૬૬

(૫) મનુભાઈ ભગાભાઈ પટેલ વિ. છીબાભાઈ રામભાઈ પટેલ
રીપોર્ટેડ ઈન ૧૯૯૫ લો સ્યુટ(ગુજરાત) ૨૬૬

(૬) એમ. કલ્લાપ્પા વિ. એમ. વી. લક્ષ્મીનારાયણ રાઉ
રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૧૯૭૨ (સુપ્રિમ કોર્ટ)૨૨૯૯

(૧૦) આ કામે પ્રતિવાદી તરફે આંક–૫૭ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લીધી. પ્રતિવાદી તરફે તેની અરજીના સમર્થનમા નીચેના ચુકાદા રજુ કરેલ છે તે ધ્યાને લીધા.

(૧) સી.એમ.એસ. ટ્રાફીક સીસ્ટમ લી. વિ. મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ
રીપોર્ટેડ ઈન ૨૦૦૪(૩) જીસીડી ૨૫૬૭ (ગુજરાત)

(૨) ઈલેકશન ઓફીસર, રોહીસાલા ગ્રામ પંચાયત અને ડેપ્યુટી મામલતદાર, રેવન્યુ, બોટાદ અને બીજા વિ. ધરમશીભાઈ મુળજીભાઈ
રીપોર્ટેડ ઈન ૧૯૯૭(૧) જી.એલ.એચ. ૨૪૨

(૧૧) આ કામે રજુ થયેલ પક્ષ નીવેદનો, અરજી, તેના જવાબ, દસ્તાવેજો, સોગંદનામાઓ, તથા બન્ને પક્ષકારોની રજુઆતો ધ્યાને લઈ હાલની અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧ : શું વાદી માગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ મેળવવા હકકદાર છે ?

૨ : શું હુકમ ?

(૧૨) ઉપરોકત મુદા અંગેના આ કોર્ટના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

૧ : અંશતઃ હકારમાં.

૨ : આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દા નં. ૧ ના નિર્ણય અંગેના કારણો

–:: કા ર ણો ::–

(૧૩) આ કામે પક્ષકારો ધ્વારા રજુ કરવામાં આવેલ, અરજી, જવાબ, દસ્તાવેજો, તથા તેઓના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો ધ્યાનમાં લીધી.

(૧૪) આ કામે ઉપરોકત વિગતે વાદીએ રજુ કરેલ મનાઈ હુકમની અરજી, દાવાની હકીકત તથા પ્રતિવાદી તરફે રજુ થયેલ લેખીત નિવેદનો ધ્યાને લીધા. વાદીએ હાલની અરજી સી. પી. સી. ઓર્ડર ૩૯ રુલ ૧, ૨ અન્વયે વચગાળાનો મનાઈ હુકમ મેળવવા કરેલ છે. ત્યારે સૌ પ્રથમ વાદીએ તેનો પ્રથમ દર્શનીય કેસ, ઈરીપેબલ લોસ તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેની તરફેણમાં હોવાનું દર્શાવવાનું છે. અને હાલના તબકકે કોઈ પુરાવો લેવામાં આવેલ ન હોય અને તે સંજોગોમાં વચગાળાના મનાઈ હુકમની અરજી નિર્ણીત કરવાની છે ત્યારે રજુ થયેલ દસ્તાવેજોના આધારે તથા પ્લીડીંગના આધારે કોર્ટે નિર્ણીત કરવાની છે.

(૧૫) મુળ વાદી વિનોદકુમાર પ્રાણલાલે હાલનો દાવો તા. ૨/૨/૧૨ ના કાયમી મનાઈ હુકમ માટે કરેલ છે અને ચાલતા દાવે તેઓ અવસાન પામતા તેઓના કાયદેસરના પ્રતિનિધિઓને જોડવામાં આવેલ છે. અને વાદીએ દાવો એવી હકીકતે કરેલ છે કે, તેઓ પારેખ નિવાસ નામના મકાનમાં ભાડુત તરીકે દક્ષિણ–પશ્ચિમ ભાગે વેરાવળ રોડ તરફ બે–રૂમ તથા એક રસોડું, ઓસરી તથા સંડાસ, બાથરૂમ વાળું મકાન તેના કબજે ધરાવે છે. અને વાદી ગુ.પ્રાણલાલ રાઘવજીના વારસદાર તરીકે ઉતરોતર ભાડુત છે. તેમજ વાદીના માતા નિલમબેન તાજેતરમાં અવસાન પામેલા છે. ત્યારે પણ વાદી તેની સાથે રહેતા હતા. તેમ જણાવી આ કામના પ્રતિવાદીઓએ અગાઉના મકાનમાલિક દિપેશ નટવરલાલ તથા નટવરલાલ નાથાલાલ પાસેથી આ દાવાવાળું મકાન ખરીદેલ હોય તે અંગેના વેચાણ દસ્તાવેજમાં પ્રતિવાદીઓએ ખરીદનાર સાથે મળી જઈ વાદી ભાડુત હોવા છતાં ખોટી રીતે ખાલી કબજાનું લખી દસ્તાવેજ કરાવેલ છે અને

પ્રતિવાદીઓ–ખરીદનારા વાદીને આ મકાન ખાલી કરાવવા ડરાવતા હોય પ્રતિવાદીઓ દાવાવાળા મકાનનો કબજો વાદીઓ પાસેથી પડાવે નહીં તેવો કાયમી મનાઈ હુકમ મેળવવા દાવો કરેલ અને હાલની અરજી કરી એવી દાદ માંગેલ છે કે, આ દાવાવાળા ભાડાવાળા મકાનનો કબજો પ્રતિવાદીઓ બળજબરીપૂર્વક કાયદાની પ્રક્રિયા અનુસર્યા વિના પડાવે નહીં તેવો વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે.

(૧૬) આ કામે વાદી તથા પ્રતિવાદી તરફે જે પક્ષનિવેદન રજુ થયેલ છે તે તથા દસ્તાવેજો અને લેખીત દલીલ રજુ થયેલ છે તે ધ્યાને લેતાં દાવાવાળા ભાડાવાળા મકાન સબંધે અગાઉ જે દાવા થયેલ છે તેની હકીકતો નીચે મુજબ છે.

(૧૭) આ કામના ગુ. વાદી વિનોદકુમાર પ્રાણલાલ તથા તેના માતા ગુ. નિલમબેન પ્રાણલાલે રે. દિ. મુ. નં. ૮૯/૯૮ તે દાવાના પ્રતિવાદીઓ કિરીટકુમાર પ્રાણલાલ તથા હંસાબેન રતિલાલ (મકાનમાલીક) સામે વિજ્ઞાપન તથા મનાઈહુકમ માટે દાવો કરેલ અને તેની નકલ માર્ક–૧૬/૧ થી રજુ થયેલ છે. તેમાં જણાવ્યા મુજબ ગુ. પ્રાણલાલ રાઘવજીએ મકાનના મુળમકાન માલિક રતિલાલ નાથાભાઈ પાસેથી ઘણા વર્ષો પહેલા આ પારેખ નિવાસ નામના મકાનમાંથી પશ્ચિમ બાજુના વિભાગમાંથી દક્ષિણ તરફના રૂમ નં. ૧, ૨ અને ૩ તથા ઓસરી માસીક રૂા. ૧૫/– ના ભાડાથી રાખેલ. આ ૩–રુમ તથા ઓસરી તે દાવામાં દાવાવાળું મકાન હતું તે દાવાના કામે વચગાળાનો મનાઈહુકમ પણ વાદીઓએ માંગેલ. તે દાવાના પ્રતિવાદી નં. ૨ હંસાબેન રતિલાલનાએ દાવા જવાબ સાથે કાઉન્ટર કલેઈમ દાખલ કરેલો અને તેની નકલ માર્ક–૧૬/૪ થી રજુ થયેલ છે તેમાં એવું જણાવેલ છે કે, તે દાવાવાળી મિલકત પૈકી પૂર્વ તરફનો એક રૂમ, રસોડું તથા ઓસરીનો પ્રત્યક્ષ કબજો મકાન માલિકને તા. ૨૨/૫/૯૮ ના રોજ તે દાવાના પ્રતિવાદી નં. ૧ ના કિરીટકુમાર પ્રાણલાલે સોંપી આપેલો અને પશ્ચિમ તરફનો એક રૂમ જે ગુ. પ્રાણલાલ પાસે હતો તે તે દાવાના વાદી નં. ૨ એટલે કે નિલમબેન પ્રાણલાલ પાસે રહેવા દિધેલ. આ કાઉન્ટર સ્યુટમાં પ્રતિવાદી નં. ૨ નાએ એવી દાદ માંગેલ કે , આ પારેખ નિવાસ નામે ઓળખાતી મિલકતના પૂર્વ તરફનો રુમ, રસોડું તથા ઓસરી કે જેની ચર્તુઃદિશા તે દાવાના પારા–૧૨, ૧૩ માં જણાવેલી

છે તે <u>સમજણ મુજબની દાવાવાળી મિલકત</u> પ્રતિવાદીના કબજા ભોગવટામાં છે અને વાદીને કોઈ હકક, અધિકાર નથી કે તેઓ તેના ભાડુઆત નથી તેવું ઠરાવી આપવા તથા આ સમજણ મુજબની દાવાવાળી મિલકતમાં વાદીઓ પ્રવેશ કરે નહીં તેવો અને રહેણાંક કરેલ હોય તો તે દુર કરે તેવો આદેશાત્મક મનાઈહુકમ આપવા તથા વાદીએ આ સમજણ મુજબની દાવાવાળી મિલકતના પ્રવેશધ્વારને બંધ કરેલ છે તે ખુલ્લો કરી આપે અને તેમ કરતાં પ્રતિવાદીના માણસો, નોકરોને અટકાયત ન કરે તેવો કાયમી મનાઈહુકમ આપવા દાદ માંગેલ.

(૧૮) આ સમજણ વાળી મિલકતની હદદિશામાં તે દાવાના પારા–૧૨ માં પૂર્વ બાજુ પ્રાણલાલભાઈ પાસે રહેલ રૂમ તેમ દર્શાવેલ છે. તે કાઉન્ટર કલેઈમમાં પ્રતિવાદી નં. ૨ નાએ વચગાળાનો મનાઈ હુકમ મેળવવા તે દાવાના વાદી સામે અરજી કરેલી(આંક–૩૫). જેની નકલ આ કામે માર્ક–૧૬/૫ થી રજુ થયેલ છે. તે અરજીનો નિર્ણય તે દાવાના એટલે કે રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ના વાદીની વચગાળાની અરજીની સાથે નિર્ણય કરવામાં આવેલ છે તે હુકમની નકલ આ કામે માર્ક–૧૬/૨ થી રજુ થયેલ છે. જે હુકમ જોઈએ તો તેમાં વાદીની વચગાળાના મનાઈહુકમની અરજી નામંજુર કરેલ છે અને પ્રતિવાદીની આંક–૩૫ ની એટલે કે આ કામે માર્ક–૧૬/૫ થી રજુ થયેલ છે તે અરજી મંજુર કરવામાં આવેલ અને એવું લખેલ છે કે " આ કામના પ્રતિવાદીની અરજી આંક–૩૫ દાવાના નિકાલ સુધી મંજુર કરવામાં આવે છે અને અરજી પેરા–૬(૧) અને ૬(૨) માં જણાવ્યા મુજબ વાદી, પ્રતિવાદીને કોઈ પ્રકારની હરકત,અટકાયત કરે નહીં તેવો વાદી વિરુધ્ધ અને પ્રતિવાદીની તરફેણમાં દાવાના નિકાલ સુધી મનાઈહુકમ મંજુર કરવામાં આવે છે. " હવે આ અરજી પેરા–૬(૧) અને ૬(૨) જોઈએ તો નીચે મુજબ છે.

૬(૧) : કાઉન્ટર સ્યુટ અરજી પેરા–૧૨, ૧૩ માં જણાવેલ સમજણ મુજબની દાવાવાળા મિલકતમાં વાદીઓ તેમના માણસો, નોકરો, એજન્ટો કોઈ પ્રવેશ કરે નહીં, રહેણાંક કરે નહીં તેનો ઉપયોગ, ઉપભોગ કરે નહીં કે રહેણાંક કરેલ હોય તો તે દુર કરે તથા

૬(૨) : આ સમજણ મુજબની દાવાવાળી મિલકતના મુખ્ય પ્રવેશધ્વારને અંદરની બંધ કરેલ છે તે મુખ્ય પ્રવેશધ્વારને વાદીઓ ખુલો કરી આપે અને તેમાં અમોને અમારા માણસો, નોકરો, એજન્ટો, કુટુંબીજનો વિગેરેને આવતા જતા રહેણાંક કરતા તેનો ઉપયોગ, ઉપભોગ કરતા અટકાયત, હરકત, દખલ કરે નહીં કે વચ્ચેની દિવાલના દરવાજાને રીપેરીંગ કામ કરતાં અટકાયત કરે નહીં તેવો આદેશાત્મક હંગામી મનાઈહુકમ દાવાના નિકાલ સુધી આપે.

(૧૯) હવે આ કાઉન્ટર સ્યુટ અરજીના પેરા–૧૨ તથા ૧૩ જોઈએ તો તેમાં પેરા–૧૨ માં સમજણ મુજબની વાદવાળી મિલકતની હદદિશા બતાવેલ છે તેમજ પેરા–૧૩ માં સમજણ મુજબની દાવાવાળી મિલકતને સમજી શકાય તે રીતે રફ નકશો બનાવેલ છે. જેમાં પૂર્વ તરફનો રૂમ, રસોડું, ઓસરી પ્રતિવાદી પાસે અને પશ્ચિમ તરફનો રૂમ વાદી નં. ૨ (એટલે કે નિલમબેન) તથા ગુજરનાર પાસે રહેલ રૂમ તેમ વર્ણવેલ છે

(૨૦) ઉપરોકત વિગતેનો રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ની દાવા અરજી તથા વચગાળાની અરજીનો હુકમ જોતાં ગુ. નિલમબેન તથા પ્રાણજીવનભાઈ પાસે તા. ૪/૧ /૨૦૦૦ ના રોજ એટલે કે તે વચગાળાના મનાઈહુકમની અરજીના નિર્ણય વખતે પશ્ચિમ તરફનો એક રૂમ હોવાનું મુળમાલિકે સ્વીકારેલ છે અને અન્ય પૂર્વ તરફનો રૂમ તથા રસોડું તથા ઓસરીનો કબજો મકાનમાલિકનો હોવાનું કોર્ટે ઠરાવેલ છે અને તે દાવાના વાદીઓએ તેમાં પ્રવેશ નહીં કરવા મનાઈહુકમ ફરમાવેલ છે. તે હુકમની સામે તે દાવાના વાદીઓએ દિ. પ. અ. નં. ૪/૨૦૦૦ કરેલી. પરંતુ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ વેરાવળે નીચેની કોર્ટે કરેલ હુકમ જેમનો તેમ બરાબર હોવાનું ઠરાવેલ. આ કામે દલીલ દરમ્યાન વાદી તરફે એ હુકમની સામે કોઈ અપીલ થયેલ હોય તેવી રજુઆત નથી એટલે કે રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ના આંક–૫ અને આંક–૩૫ ની વચગાળાની અરજીનો હુકમ ઉપરોકત વિગતે અસ્તિત્વમાં છે.

(૨૧) આ કામના પ્રતિવાદીના જણાવ્યા મુજબ આ રે. દિ. મુ. નં. ૮૯/૯૮ તે દાવાના વાદીએ વિડ્રો કરી લીધેલ છે અને હાલ તે દાવાના પ્રતિવાદીઓનો કાઉન્ટર સ્યુટ પુરતો દાવો પેન્ડીંગ છે. આ હકીકતને વાદી તરફે માર્ક–૪/૮ થી રજુ કરેલ રે. દિ. મુ. નં. ૨૪૭/૦૨ ના દાવા અરજીની નકલ પરથી સમર્થન મળે છે અને તેના ઉપરથી રે. દિ. મુ. નં. ૮૯/૯૮ તે દાવાના વાદીઓએ ફરી દાખલ કરવાની શરતે વિડ્રો કરેલો તેવું જાહેર થાય છે.

(૨૨) આ કામે વાદી તથા પ્રતિવાદીઓએ રજુ કરેલ દસ્તાવેજો અને રજુઆત પરથી એવું પણ સાબિત થાય છે કે, હાલના દાવાના મુળ વાદી ગુ. વિનોદકુમાર પ્રાણલાલ તથા તેના માતા નિલમબેન પ્રાણલાલ દેસાઈએ આ પારેખ નિવાસવાળા મકાનમાં આવેલ ભાડાવાળી મિલકત દક્ષિણ–પશ્ચિમ ભાગે બે–રૂમ, રસોડું, ઓસરી તથા સંડાસ, બાથરૂમનો કબજો મુળમાલિક હંસાબેન રતિલાલના અવસાન પછી તેના વારસો એટલે કે નટવરલાલ નાથાલાલ તથા દિપેન નટવરલાલ આ ભાડાવાળી મિલકતનો કબજો પડાવી ન લે તે માટે કાયમી મનાઈહુકમ મેળવવા રે. દિ. મુ. નં. ૨૪૭/૦૨ નટવરલાલ નાથાલાલ તથા દિપેન નટવરલાલ સામે તા. ૧૩/૧૨/૦૨ ના રોજ કરેલો. તે દાવાના કામે પણ વચગાળાના મનાઈહુકમની અરજી કરવામાં આવેલી જે દાવા અરજી તથા મનાઈહુકમની અરજીની નકલ માર્ક–૪/૮ તથા ૪/૯ થી રજુ થયેલ છે. તેમજ તે દાવાના પ્રતિવાદીઓએ રજુ કરેલ વાંધા જવાબ માર્ક–૪/૧૦ થી રજુ થયેલ છે. તેના પારા–૬(૧) જોતાં એ હકીકત જણાય આવે છે કે, પશ્ચિમ બાજુના વિભાગમાંથી દક્ષિણ તરફના બે–રૂમ તથા એક રસોડું તે રીતે કુલ ૩–રૂમ ગણાય છે તે અને એક ઓસરી ગુ. પ્રાણલાલ રાઘવજીભાઈએ તેના મુળમાલિક પાસેથી ભાડે રાખેલ હતી. તે દાવાના પ્રતિવાદીએ પણ રે.દિ. મુ. નં. ૮૯/૯૮ વાદીએ પરવાનગી લઈને પાછો ખેંચી લીધેલ હોવાની હકીકતને સમર્થન કરેલ છે તેમજ એવું પણ જણાવેલ છે કે, રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ના વચગાળાના મનાઈહુકમ સામેની અપીલમાં નીચેની કોર્ટનો હુકમ કન્ફર્મ રાખેલ હોય તેનાથી વિરુધ્ધનો હુકમ થઈ શકે નહીં. જે દાવો રે. દિ. મુ. નં. ૨૪૭/૦૨ પેન્ડીંગ છે તેમજ રે. દિ. મુ. નં. ૮૯/૯૮ પણ કોર્ટમાં પેન્ડીંગ છે.

(૨૩) એટલે કે દાવાવાળા મકાનના મુળમાલિક હંસાબેન રતિલાલ સામે હાલના દાવાના વાદી ગુ. વિનોદકુમાર પ્રાણલાલ તથા તેના માતા નિલમબેન પ્રાણલાલે પ્રથમ રે. દિ. મુ. નં. ૮૯/૯૮ દાખલ કરેલો તેમજ ત્યારબાદ મકાનના મુળમાલિકના વારસ નટવરલાલ નાથાલાલ તથા દિપેન નટવરલાલ સામે હાલના દાવાના વાદી ગુ. વિનોદકુમાર પ્રાણલાલ તથા તેના માતા નિલમબેન પ્રાણલાલે બીજો રે. દિ. મુ. નં. ૨૪૭/૦૨ દાખલ કરેલો અને ત્યારબાદ આ નટવરલાલ નાથાલાલ તથા દિપેન નટવરલાલે દાવાવાળી મિલકત સહિત આખી મિલકત એટલે કે પારેખ નિવાસવાળું મકાન પ્રતિવાદીઓને વેચાણ આપતા તેની સામે હાલનો દાવો ગુ. વિનોદલાલ પ્રાણલાલ એકલાએ તેના માતા અવસાન પામેલ હોય દાખલ કરેલ છે અને ચાલતા દાવે વિનોદલાલ પ્રાણલાલ અવસાન પામતા તેના વારસદારો પ્રતિનિધિ તરીકે છે.

(૨૪) હવે વાદીની હાલની અરજી અન્વયે નકકી કરવાનું છે કે, શું વાદી તેના દાવા મુજબ પારેખ નિવાસ નામના મકાનમાં પશ્ચિમ–દક્ષિણ ભાગે વેરાવળ રોડ તરફ બે રૂમ, એક રસોડું, ઓસરીના કાયદેસરનો કબજો, ભોગવટો ભાડુઆત તરીકે ધરાવે છે ?

(૨૫) આ કામે વાદી તરફે દસ્તાવેજી પુરાવામાં વીજ બીલ, ટેલીફોન બીલ, વેરા પહોંચ વિગેરે રજુ થયેલા છે. તેમાં નિલમબેન પ્રાણલાલ, વિનોદકુમાર પ્રાણલાલના નામ લખેલ છે અને સરનામામાં પારેખ નિવાસ તેમ જણાવેલ છે અને તે બીલ જુના તેમજ તાજેતરના છે. તેમજ વાદી તરફે મિલકત આકારણીની નગરપાલિકાની યાદીની નકલ રજુ કરેલ છે. તેમાં પણ તે જ રીતે દર્શાવેલ છે. પરંતુ વાદી આ પારેખ નિવાસમાં કુલ–૩ રુમ, ઓસરીના ભાડુત હોય તેવો અન્ય કોઈ પુરાવો વાદી તરફે રજુ થયેલ નથી. ઉપર ચર્ચા કર્યા મુજબ રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ના કાઉન્ટર સ્યુટમાં મુળ મકાન માલિકે એવું સ્વીકારેલ છે કે, પશ્ચિમ બાજુનો એક રૂમ ગુજરનાર પ્રાણલાલ તથા તેના પત્ની નિલમબેન પાસે રહેલ છે અને તે દાવાના વાદીઓ વિનોદકુમાર પ્રાણલાલ તથા નિલમબેન પ્રાણલાલ હતા અને ત્યારપછી મુળમકાન માલિકના વારસદારો સામે પણ ગુ.

વિનોદકુમાર પ્રાણલાલ તથા ગુ. નિલમબેન પ્રાણલાલે રે. દિ. મુ. નં. ૨૪૭/૦૨ દાખલ કરેલો અને આ કામે પુરાવામાં વાદી તરફે રજુ થયેલ. માર્ક–૩૧/૧૩ વાળી નગરપાલિકાના વેરાનો પહોંચો જોઈએ તો તે વેરો વિનોદરાય પ્રાણલાલે ભરેલ છે. તેમજ રજુ થયેલ ટેલીફોન બીલ પણ વિનોદરાય પ્રાણલાલના નામે આવેલ છે અને ભરાયેલ છે. તેમજ વીજ બીલ પણ વિનોદરાય પ્રાણલાલના નામે આવેલ છે અને ભરવામાં આવેલ છે. આથી પારેખ નિવાસમાં નિલમબેન પ્રાણલાલ સાથે વિનોદરાય પ્રાણલાલ તેના પુત્ર રહેતા હતા તેવું પ્રથમદર્શનીય જણાય છે.

(૨૬) પરંતુ વાદીના દાવા મુજબ વાદી પાસે ૩–રુમ તથા ઓસરીનો કબજો હોવાનું માની શકાય તેમ નથી કારણ કે રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ના કામમાં પુર્વ બાજુના બે–રૂમ અને ઓસરીનો કબજો મકાન માલિકને પરત સોંપી આપેલ હોવાનું કોર્ટે ઠરાવેલ છે અને તેના આધારે તે દાવાના વાદીઓએ આ બે–રુમ અને ઓસરીમાં પ્રવેશ ન કરવો તેવો વચગાળાનો મનાઈહુકમ પણ આપેલ છે. જો વાદીઓ એવું કહેતા હોય કે આ પૂર્વ બાજુના બે–રુમ અને ઓસરીનો કબજો પણ તેનો છે તો તે કાયદેસરનો કબજો છે તેવું માની શકાય નહીં અને આ રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ના કામે પ્રતિવાદીની વચગાળાના મનાઈહુકમની અરજી મંજુર કરી વાદીઓને તે બે–રુમ અને ઓસરીમાં નહીં પ્રવેશવા મનાઈહુકમ આપેલ પછી તેઓની પાસે કબજો કયારે અને કઈ રીતે આવ્યો તે હાલના વાદીઓએ બતાવવું જોઈએ પરંતુ તેવો કોઈ પુરાવો રજુ કરી શકેલ નથી. જેની સામે પશ્ચિમ બાજુનો એક રૂમ કે જે ગુ. પ્રાણલાલ અને તેના પત્ની નિલમબેન પાસે હતો તે હકીકત મુળમાલિકે રે. દિ. મુ. નં. ૮૯/૯૮ માં સ્વીકારેલ છે. ત્યારપછી તે કબજો મુળમાલિકને કે તેના વારસને કે હાલના પ્રતિવાદીઓ ખરીદનારને કયારે વાદીઓએ કે તેના ગુ. માતા નિલમબેને સોંપેલ છે તે પ્રતિવાદીએ સાબિત કરવું જોઈએ પરંતુ આ પશ્ચિમ બાજુના રુમનો કબજો મુળમાલિકને કે તેના વારસને કે હાલના પ્રતિવાદીઓને સોંપવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત હાલના પ્રતિવાદી બતાવી શકેલ નથી. આ સંજોગોમાં હાલના તબકકે દાવાવાળા પારેખ નિવાસવાળા મકાનના દક્ષિણ–પશ્ચિમ ભાગે પશ્ચિમ તરફનો એક–રુમનો કબજો કે જે ગુ. નિલમબેન પાસે હતો તે વાદીઓ પાસે હોવાનું પ્રથમદર્શનીય જણાય આવે છે.

(૨૭) આ કામે વાદી તરફે કોર્ટ કમિશ્નર ધ્વારા દાવાવાળી જગ્યાનું રોજકામ કરાવવા અરજી કરતાં તે અન્વયે કોર્ટ કમિશ્નરની નિમણુંક કરી રોજકામ કરવામાં આવેલ. જે રોજકામ માર્ક–૩૪/૨ થી રજુ થયેલ છે. તેમાં જોઈએ તો વાદગ્રસ્ત બે–રુમ રસોડાનો વપરાશ થતો હોય અને તેમાં ઘરવખરીનો સામાન હોય તેવું જણાય આવે છે. તેમજ આ મકાન ઉપર વિનોદકુમાર પ્રાણલાલના નામની નેમ પ્લેટ છે. આ બાબતે પ્રતિવાદીએ આંક–૫૬ થી પ્રતિવાદી નં. ૨ નું સોગંદનામું રજુ કરીને એવું જણાવેલ છે કે, આ દાવાવાળી મિલકતમાં રહેલ સામાન વાદીનો નથી પરંતુ તેઓના પૂરોગામીઓનો છે અને તેઓ પ્રસંગોપાત ઉના આવતા હોય મિલકતમાં રોકતા માટે તેમનો સામાન છે. પ્રતિવાદીઓ મુળ રાજુલાના છે, જેથી આ મિલકતમાં તેઓએ કોઈ રહેણાંક કરેલ નથી, પરંતુ તેના પૂરોગામીઓને ઉના આવીને રોકાણ કરવાની સમંતિ આપેલ હોય તેનો માલ–સામાન તેમાં રહેવા દિધેલો અને વાદીએ લાઈટબીલો તથા ટેલીફોન બીલ જે અગાઉ કનેકશન હતું તે કેન્સલ કરાવેલ નહીં અને ઈરાદાપૂર્વક ચાલુ રહેવા દીધેલ જેથી નવા ઈસ્યુ થયેલા છે. અને અન્ય દસ્તાવેજો પાછળથી ઉભા કરેલા છે. પરંતુ પ્રતિવાદીની આ રજુઆત માની શકાય તેમ નથી. કારણ કે જો પ્રતિવાદીના આ આંક–૫૬ માં જણાવ્યા મુજબ તા. ૨૨/૫/૯૮ ના રોજ મકાનના મુળમાલિક હંસાબેનને દાવાવાળી મિલકતનો સમગ્ર કબજો સોંપી આપવામાં આવેલ હોય તો રજુ થયેલા લાઈટબીલ તથા ટેલીફોન બીલમાં વપરાશ કઈ રીતે બતાવેલ હોય.

(૨૮) તેમજ પ્રતિવાદી તરફે રજુ થયેલ માર્ક–૧૬/૪ નો દસ્તાવેજ એટલે કે રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ના કામે મકાન માલિકે કરેલ કાઉન્ટર સ્યુટની નકલના પેઈજ નં. ૭ ઉપર એવું જણાવેલ છે કે, " ગુજરનારની હેયાતીમાં થયેલ વ્યવસ્થા મુજબ પૂર્વ તરફનો એક–રુમ તથા રસોડું, ઓસરી ખાલી કરી તેનો પ્રત્યક્ષ કબજો અમોને તા. ૨૨/૫/૯૮ ના રોજ સોંપી આપેલ છે અને તે અંગેનું એક લખાણ કરવામાં આવેલ છે. તેમજ પશ્ચિમ તરફનો એક–રુમ પ્રાણલાલ પાસે હતો તે વાદી નં. ૨ પાસે રહેવા દીધેલો. " જયારે હાલના સોગંદનામામાં હાલના પ્રતિવાદી નં. ૨ પેઈજ નં. ૨ ઉપર એવું જણાવે છે કે, તા. ૨૨/૫/૯૮ ના રોજ લખાણ કરેલ અને તે રીતે દાવાવાળી સમગ્ર મિલકત તેના પૂરોગામીના પ્રત્યક્ષ કબજમાં આવી જતા તેઓએ હાલના

પ્રતિવાદીઓને વેચાણ આપી પ્રત્યક્ષ કબજે સોંપેલ છે. આ કામે આ તા. ૨૨/૫/૯૮ નું લખાણ રજુ થયેલ નથી. એટલે કે પશ્ચિમ તરફનો એક રુમ જે ગુ. નિલમબેનની હૈયાતીમાં તેમના કબજે રહેવા દીધેલો તેનો કબજો પ્રતિવાદીઓને કે મુળમાલિકને સોંપેલ હોય તેવો કોઈ પુરાવો હાલના તબકકે રજુ થયેલ નથી. ત્યારે આ પશ્ચિમ બાજુના એક રૂમનો કબજો ઉતરોતર નિલમબેનના અવસાન પછી તેના પુત્ર વિનોદકુમાર પાસે આવેલ હોવાનું અને તે રીતે વાદીના કબજે હોવાનું પ્રથમદર્શનીય જણાય આવે છે. આ કામે વાદી તરફે માર્ક–૪૬/૧ થી એક નોટીસ કે જે ગુ. વાદી વિનોદ પ્રાણલાલને પ્રતિવાદીઓના પહેલાના મકાન માલિક દિપેશ નટવરલાલ પારેખ તા. ૧/૧૧/૨૦૦૭ ના આપેલ છે. તેમાં ગુ. વાદી વિનોદકુમારે ગેરકાયદેસર રીતે ૩ રુમનો કબજો ધરાવેલ હોય તેમ જણાવેલ છે. પરંતુ રે. દિ. મુ. નં. ૮૯/૯૮ માં પૂર્વ બાજુના બે–રુમ તથા ઓસરીમાં હાલના વાદીએ પ્રવેશ નહીં કરવા વચગાળાનો મનાઈ હુકમ આપેલ છે. ત્યારે આ નોટીસના આધારે તે બે–રુમનો કબજો કાયદેસરનો વાદીનો હોય તેવું ઠરાવી શકાય તેમ નથી.

(૨૯) આ કામે પ્રતિવાદી તરફે રજુ થયેલ લેખીત દલીલમાં એવી રજુઆત છે કે, અગાઉનો દાવો પેન્ડીંગ હોય હાલનો દાવો સી.પી.સી. કલમ–૧૦ અન્વયે સ્ટે કરવો જોઈએ પરંતુ આ દલીલ હાલની અરજીના નિર્ણયમાં ગ્રાહય રાખી શકાય તેમ નથી. કારણ કે નામદાર સુપ્રિમ કોર્ટના નીચેના ચુકાદા મુજબ સી. પી. સી. કલમ–૧૦ થી ફકત ટ્રાયલ ચલાવવાને બાધ છે. વચગાળાની અરજીઓના નિર્ણય કરવામાં કોઈ બાધ નથી.

"Indian Bank v. Maharashtra State Co-operative Marketing Federation Ltd." reported in AIR 1998 SUPREME COURT 1952.

> 8. Therefore, the word "trial" in Section 10 will have to be interpreted and

construed keeping in mind the object and nature of that provision and the prohibition to 'proceed with the trial of any suit in which the matter in issue is also directly and substantially in issue in a previously instituted suit.' The object of the prohibition contained in Section 10 is to prevent the Courts of concurrent jurisdiction from simultaneously trying two parallel suits and also to avoid inconsistent findings on the matters in issue. The provision is in the nature of a rule of procedure and does not affect the jurisdiction of the Court to entertain and deal with the later suit nor does it create any substantive right in the matters. It is not a bar to the institution of a suit. It has been construed by the Court as not a bar of the passing of interlocutory orders such as an order for consolidation of the later suit with the earlier suit, or appointment of a Receiver or an injunction or attachment before judgment.The course of action which the Court has to follow according to Section 10 is not to proceed with the 'trial' of the suit but that does not mean that it cannot deal with the subsequent suit any more or for any other purpose. In view of the object and nature of the provision and the fairly settled legal position with respect to passing of

interlocutory orders it has to be stated that the word 'trial' in Section 10 is not used in its widest sense.

(૨૯) પ્રતિવાદી તરફે એવી દલીલ છે કે, વાદીની હાલની અરજીને રેસજયુડીકેટાનો બાધ નડે છે કારણ કે રે. દિ. મુ. નં. ૮૯/૯૮ માં આ વાદવાળા ભાડાવાળા મકાન અંગેની અરજી નામંજુર કરી વાદીઓની વિરુધ્ધમાં વચગાળાનો મનાઈહુકમ આપેલ છે. પરંતુ સી. પી. સી. કલમ–૧૧ ધ્યાને લઈએ તો અગાઉના દાવામાં કોર્ટે તકરારનો મુદો અથવા દાવો સાંભળીને આખરી નિર્ણય કરેલ હોય ત્યારે જ રેસજયુડીકેટા લાગુ પડે. એટલે કે રે. દિ. મુ. નં. ૮૯/૯૮ માં વચગાળાનો હુકમ થયેલ છે. તેમજ તે હુકમમાં ભાડાવાળા રુમ પૈકી પશ્ચિમ બાજુનો રુમ વાદીના માતા તથા પિતાના કબજે હોવાનું મુળ મકાન માલિકે સ્વીકારેલ હતું અને તે અંગે કોઈ દાદ માંગેલ ન હતી. આ કામે પ્રતિવાદી તરફે તેની દલીલના સમર્થનમાં એ.આઈ.આર. ૧૯૮૧ દિલ્હી પેઈજ નં. ૮૮ નો ચુકાદો રજુ કરેલ છે અને જણાવેલ છે કે વાદીની વચગાળાની મનાઈહુકમની અરજી એક વખત નામંજુર થયા પછી ફરીથી થઈ શકે નહીં પરંતુ આ ચુકાદો વંચાણે લેતાં તેમાં એવું ઠરાવેલ છે કે, એક જ કોઝ ઓફ એકશનના કારણોસર બીજી વચગાળાની મનાઈહુકમની અરજી થઈ શકે નહીં. જયારે હાલના દાવામાં હાલના પ્રતિવાદીઓએ દાવાવાળું મકાન દસ્તાવેજમાં ભાડુઆતી કબજા અંગેની કોઈ ઉલ્લેખ કર્યા સિવાય ખરીદ કરેલ હોય અને વાદીને ભય લાગતા કરેલ છે. આથી હાલના દાવાનું કારણ રે. દિ. મુ. નં. ૮૯/૯૮ થી અલગ છે. તેમજ રે. દિ. મુ. નં. ૮૯/૯૮ માં હાલના વાદી ગુ. વિનોદકુમાર પ્રાણલાલ તેના ગુ. પિતાના અવસાન પછી ભાડુઆત ગણાય કે કેમ તે બાબત તકરારી હતી જયારે હાલના દાવામાં ગુ. વિનોદકુમાર પ્રાણલાલ તેના ગુ. માતાની સાથે રહેતા હોવાનું અને તેની માતાના અવસાન સમયે પણ સાથે રહેતા હોય તે રીતે ભાડુઆત દરજજે દાવો કરેલ છે. તેમજ રે. દિ. મુ. નં. ૮૯/૯૮ નો હજુ આખરી નિકાલ આવેલ નથી. આથી તે રીતે હાલના દાવાને રેસ જયુડીકેટાનો બાધ નડશે નહીં. તેમજ હાલની અરજી પણ નવા કારણોસર દાખલ થયેલ હોય તેને પણ સી. પી. સી. ઓર્ડર ૨૩ રૂલ ૪ નો બાધ નડતો નથી.

(૩૦) આ કામે પ્રતિવાદી તરફે એવી દલીલ છે કે, વાદી મહત્વની હકીકત છુપાવીને આવેલા હોય મનાઈહુકમ મેળવવા હકકદાર નથી. પરંતુ કોર્ટ રુબરુ આવનાર દરેક વ્યકિતએ ચોખ્ખા હાથે આવવું જોઈએ અને કોઈ હકીકત છુપાવવી જોઈએ નહીં. એ હકીકત છે કે, વાદીએ તેના દાવામાં રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ના વચગાળાના મનાઈહુકમની હકીકત જણાવેલ નથી. પરંતુ વાદી તરફે રજુ થયેલ માર્ક–૪/૮ વાળા રે. દિ. મુ. નં. ૨૪૭/૦૨ ની દાવાઅરજી તથા માર્ક–૪/૧૦ થી રે. દિ. મુ. નં. ૨૪૭/૦૨ નાદાવાના કામે રજુ કરેલ વાંધા જવાબની નકલ પરથી રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ના કામે વચગાળાનો મનાઈહુકમ કાઉન્ટર કલેઈમમાં આપેલ હોવાનું અને તે અમલમાં હોવાનું જણાવેલ છે અને તે દસ્તવેજો વાદીએ દાવાની સાથે રજુ કરેલ હતા. એ હકીકત છે કે વાદીએ આ બાબત પ્લીડીંગથી પણ કોર્ટ સમક્ષ જાહેર કરી તેની શુધ્ધ બુધ્ધિ બતાવવી જોઈએ. સામાપક્ષે પ્રતિવાદી તરફે જોઈએ તો આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા પરથી દાવાવાળી પારેખ નિવાસ નામની મિલકતના ભાડાવાળી રુમો પૈકી પશ્ચિમ તરફની રુમ વાદીના કબજે હોવાનું હાલના તબકકે સાબિત થયેલ છે તેમછતાં આ કામે રજુ થયેલ માર્ક–૪/૧ વાળા વેચાણ દસ્તવેજ કે જે પારેખ નિવાસ નામની મિલકત કે જે પ્રતિવાદીઓએ ખરીદ કરેલ છે તેમાં કોઈ જગ્યાએ આ મિલકતમાં ભાડુઆત હોય તેવી હકીકત નોંધવામાં આવેલ નથી. તેમજ પ્રતિવાદીએ આંક–૧૫ થી રજુ કરેલ દાવા જવાબ જોઈએ તો તેમાં પેરા–૪ માં રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ની વિગત તેઓને હાલનો દાવો થયા પછી દિપેશકુમાર નટવરલાલને પુછપરછ કરતા જાણવા મળેલ તે મુજબની જણાવેલ છે. જયારે જવાબના પારા–૬ માં વાદીએ રે. દિ. મુ. નં. ૨૪૭/૦૨ થી દાવો કરેલ હોય તેની માહીતી ન હોવાનું જણાવેલ છે. હાલના દાવાના વાદીએ દાવા અરજીમાં પારા–૧ માં રે. દિ. મુ. નં. ૨૪૭/૦૨ થી દાવો પેન્ડીંગ હોવાનું જણાવેલ છે તે સંજોગોમાં તેને આ મિલકત વેચાણ આપનારને તે દાવા વિશે નહીં પુછતા ફકત ૮૯/૯૮ વિશે પુછેલ હોય તેવું માની શકાય નહીં. તેમજ દાવાવાળી મિલકતના માર્ક–૪/૧ વાળા વેચાણ દસ્તાવેજમાં મકાન માલિકે આ મિલકત અભ્રામ ન દાવે સોંપી આપેલ છે તેવું લખી આપેલ છે પરંતુ હાલનો દાવો થયા પછી તે અંગેનું મુળમાલિકનું કોઈ સોગંદનામું પ્રતિવાદી તરફે રજુ થયેલ નથી. એટલે કે સમગ્ર રેકર્ડ જોતાં વાદી એ જેમ સંપુર્ણ સાચી

હકીકત જણાવેલ નથી તે રીતે પ્રતિવાદી તરફે પણ સાચી હકીકત છુપાવવા પ્રયત્ન થયેલ છે. જયારે કાયદાના સિધ્ધાંત મુજબ કોર્ટમાં આવનાર દરેક વ્યકિતએ સ્વચ્છ હાથે આવવું જોઈએ અને કોઈ હકીકત છુપાવવી જોઈએ નહીં.

(૩૧) ઉપરોકત વિગતે આ કામે વાદીનો દાવાવાળી પારેખ નિવાસની મિલકતમાં દક્ષિણ–પશ્ચિમ તરફનો એક–રુમ કાયદેસર તેના ભાડુઆત તરીકેના કબજામાં હોવાનું હાલના તબકકે પ્રથમદર્શનીય જણાય છે. તેમજ આ કામના પ્રતિવાદીઓએ વેચાણ દસ્તાવેજમાં ભાડુઆતી હકકનો ઉલ્લેખ કર્યા સિવાય વેચાણ દસ્તાવેજ કરાવેલ છે. ત્યારે વાદીના દાવા મુજબ તેનો કબજો હાલના પ્રતિવાદીઓ પડાવી લે તેમ હોય ત્યારે જો વાદીને આ એક–રુમના રક્ષણ માટે વચગાળાનો મનાઈહુકમ આપવામાં ન આવે તો તેનો કબજો છીનવાઈ જાય અને વાદીને નાણાંમાં આંકી ન શકાય તેવું નુકશાન થાય તથા ખુબ જ અગવડ ઉભી થાય જેની સામે વચગાળાનો મનાઈહુકમ આપવાની પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી કે કોઈ અગવડ ઉભી થાય તેમ નથી. તેઓએ આ મકાન મુળમાલિક માલિક પાસેથી વેચાણ રાખેલ છે અને ત્યારે તેને તેમાં વાદીનો ભાડુઆત તરીકેનો કબજો હોવાની જાણ હતી. આ સંજોગોમાં વાદીને માંગ્યા મુજબનો દાવાવાળા બે–રુમ રસોડું તથા ઓસરીના કબજા અંગે વચગાળાનો મનાઈહુકમ આ બંને રુમ, રસોડું તથા ઓસરી વાદીના કબજે કાયદેસર હોવાનું સાબિત કરી શકેલ ન હોય આપી શકાય તેમ નથી. પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ ભાડાવાળા મકાન પૈકી દક્ષિણ–પશ્ચિમ વિભાગમાંથી ફકત પશ્ચિમ તરફનો એક–રુમ કે જે રે. દિ. મુ. નં. ૮૯/૯૮ ના કામે કાઉન્ટર સ્યુટમાં મુળમકાન માલિકે સ્વીકર્યા મુજબ વાદીના ગુ. માતા નિલમબેન પ્રાણલાલના કબજે હતો તેના રક્ષણ માટે વચગાળાનો મનાઈ હુકમ આપવો ઉચિત અને ન્યાયી જણાય છે. આ કામે પક્ષકારોએ રજુ કરેલા દસ્તાવેજો, પક્ષનિવેદનો તથા રજુ કરેલા નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદાઓ વંચાણે લઈ ન્યાયના હિતમાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેબલ લોસ પણ વાદીની તરફેણમાં હોય મુદા નં. ૧ નો નિર્ણય અંશતઃહકારમાં ઠેરાવવામાં આવે છે.

<u>મુદા નં. ૨ :–</u>

(૩૨) ઉપરોકત તમામ ચર્ચાના આધારે મુદ્દા નં. ૨ તળે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>–:: હુ ક મ ::–</u>

૧: વાદીની હાલની વચગાળાની મનાઈહુકમ મેળવવાની અરજી નીચેની વિગતે અંશતઃમંજુર કરવામાં આવે છે.

આ કામના પ્રતિવાદીઓએ જાતે કે નોકર, એજન્ટ મારફત વાદીના કબજે આવેલ પારેખ નિવાસવાળા મકાનમાં દક્ષિણ–પશ્ચિમ ભાગે આવેલ પશ્ચિમ તરફનો રુમ–એકના વાદીના કબજા ભોગવટામાં દાવાના આખરી નિકાલ સુધી કોઈ હરકત, અટકાયત કરવી નહીં કે કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા વિના કબજો પડાવવો નહીં તેવો વચગાળાનો મનાઈહુકમ ફરમાવવામાં આવે છે.

૨: અરજીનું ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજ તારીખ–૦૧ લી, માહે–જાન્યુઆરી, સને–૨૦૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ઉના.
તારીખ : સદર

(આર. બી. ઈટાલીયા)
એડી. સીવીલ જજ,
ઉના.